સુરતના મે.જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ (ત્રીજી)કોર્ટ,સુરતમાં

ફોજદારી કેસ નંબર -
આંક-

ફરિયાદી - સરકારશ્રી,

વિ.

આરોપી -

ગુનો - સીગારેટ અને તંબાકુ ઉત્પાદન જાહેરાત અને વેપાર અને વાણિજ્ય ઉપ્તાદન પુરવઠા વિતરણ પ્રતિબંધ કાયદો ૨૦૦૩ની કલમ - ૭(૩) અને ૨૦ મુજબ

**-ચુકાદો -**

(૧) ફરિયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટમાં કોલમની વિગતે જણાવેલ તારીખે , સમયે અને સ્થળે પોતાની દુકાનમાં વિદેશી બનાગટની સિગરેટો ગેરકાયદેસર ઈમ્પોર્ટ કરી દુકાનમાં રાખી વેચાણ કરતાપકડાઈ જઈ આરોપી સામે સીગારેટ અને તંબાકુ ઉપ્તાદન જાહેરાત અને વેપાર અને વાણિજ્ય ઉત્પાદન પુરવઠા વિતરણ પ્રતિબંધિત કાયદો ૨૦૦૩ની કલમ ૭(૩) અને ૨૦ મુજબનો પોલીસે ગુનો દાખલ કરી આ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આરોપીને જામીન મુક્ત થયા બાદ કોર્ટ સમક્ષ હાજર થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલી છે. આરોપીએ પોતે ગુનો કબુલ કરવા માંગતા હોવાથી જાહેરાત પુરસીસ આંક ૩ થી રજુ કરેલી છે. જે ધ્યાને લેતાં આરોપીની આંક ૪ થી ૫લી લઈ આરોપીને ગુનાની હકીકતો વાંચી, સંભળાવી સમજાવતાં અને આરોપીએ મને ગુનો કબુલ છે તેમ જણાવેલું છે. આરોપીની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોઈ તે નહિ માનવા માટે કોઈ કારણ નથી. જેથી આરોપીની કબુલાત ધ્યાને લઈ તેને સજા બાબતે પુછતાં આરોપી જણાવે છે કે તેમનો આ પ્રથમ ગુનો છે પોતાને આપહેલી ભુલ બદલ હળવી સજા કરવા દયાની અરજ કરેલ છે. આમ, કેસની હકીકતો તેમજ કાયદાકીય જોગવાઈ ધ્યાને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-હુકમ-**

આ કામના આરોપીને ક્રિ.પો.કોડની કલમ-૨૫૨ અન્વયે આ ગુનામાં તકસીરવાર ઠરાવી રૂ.૧૦૦૦/-અંકે એક હજાર પુરાનો દંડનો હુકમ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા અને જો દંડ ન ભરે તો દિન-૧૦ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ નો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ - ૦૯/૦૯/૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯/૦૯/૨૦૨૩
સુરત.

(ડો.એસ.કે.ગાબા)
જ્યુડી.મેજી.ફ.ક.(ત્રીજી)કોર્ટ,સુરત
G.J.01635